

# સ્ત્રી સશક્તિકરણનું સાચું સરનામું....

**સંબંધોના તાણાવાણા**
ગીતા શ્રોફ

આજે ‘મહિલા સશક્તિકરણ’ શબ્દ એટલો પ્રચલિત બની ગયો છે કે જાણે તેનો અર્થ માત્ર એક જ રહી ગયો હોય - સ્ત્રી કમાતી હોવી જોઈએ, આર્થિક રીતે સ્વાવલંબી હોવી જોઈએ અને પોતાના નિર્ણયો જાતે લઈ શકતી હોવી જોઈએ. આ બધું નિ:સંદેહ જરૂરી છે પરંતુ એક પ્રશ્ન આપણે સમાજ તરીકે પોતાની જાતને પૂછવો જ પડશે - શું માત્ર પૈસા કમાઈ લેવું એટલે જ સશક્તિકરણ? જો એવો જ અર્થ હોત તો આજે સૌથી વધુ શિક્ષિત, સૌથી વધુ કમાતી અને સૌથી વધુ સ્વતંત્ર ગણાતી મહિલાઓના જીવનમાં તણાવ, એકલતા, ડિપ્રેશન, તૂટતા સંબંધો અને અસુરક્ષાની ભાવના કેમ વધતી જાય છે? સ્પષ્ટ છે કે આપણે સશક્તિકરણનો અર્થ ખૂબ જ સાંકડો કરી દીધો છે. મારા મતે, સાચું સશક્તિકરણ ખિસ્સામાંથી નહીં, મનમાંથી શરૂ થાય છે. બેંક ખાતામાં જમા થયેલી રકમ કરતાં વધુ મહત્ત્વનું છે આત્મવિશ્વાસનું સંતુલન. હોદ્દા કરતાં વધુ જરૂરી છે પોતાનાં મૂલ્યો પર અડગ રહેવાની શક્તિ. બહારની સફળતા કરતાં વધુ મૂલ્યવાન છે અંદરની શાંતિ.

એક સ્ત્રી કરોડો રૂપિયા કમાતી હોય પરંતુ પોતાની વાત કહેતાં ડરતી હોય, સતત બીજાની મંજૂરી શોધતી હોય, સંબંધો નિભાવવાની કળા ગુમાવી બેઠી હોય અથવા પોતાની ખુશીનું કેન્દ્ર બીજાના વર્તનમાં શોધતી હોય, તો શું તેને સંપૂર્ણ સશક્ત કહી શકાય? બીજી તરફ, કદાચ એક ગૃહિણી આર્થિક રીતે કમાતી ન હોય પરંતુ પરિવારને મૂલ્યો આપે, બાળકોમાં સંસ્કાર સિંચે, સમાજમાં વિશ્વાસ ઊભો કરે અને મુશ્કેલ સમયમાં સમગ્ર પરિવારનો આધારસ્તંભ બની રહે- તો શું તે અશક્ત છે? જવાબ સ્પષ્ટ છે - ના. કારણ હું આજે પણ મારી ૮૯ વર્ષની માતાને સશક્ત મહિલા તરીકે જોઈ રહી છું.

સમાજે ઘણી વખત સશક્તિકરણને સ્પર્ધા સાથે જોડી દીધું છે. જાણે સ્ત્રીને પુરુષ જેવી બનવું હોય, પુરુષને હરાવવો હોય અથવા દરેક ક્ષેત્રમાં પોતાની જાતને સતત સાબિત કરવી હોય પરંતુ સશક્તિકરણનો અર્થ સ્પર્ધા નહીં, ક્ષમતાનો વિકાસ છે. કોઈને હરાવવા નહીં, પરંતુ પોતાની અંદરની શક્તિને ઓળખવાની સફર છે. **સમાનતા એટલે સમાન ગૌરવ, સમાન તક અને સમાન સન્માન - એકબીજાની નકલ નહીં.**

### કેસ-1 (2012)

સાસુ નિર્મળાબેન અને વહુ ખ્યાતિ વચ્ચે ખૂબ મતભેદ થયા કરતાં. રોજ ઘરમાં તૂ ... તૂ ... મૈં ... મૈં ... ચાલ્યા કરે. એક દિવસ ઝઘડો વધી ગયો અને પોલીસ સુધી પહોંચ્યો. નિર્મળાબેન અને ખ્યાતિ વચ્ચે રસોઈ માટે ઝઘડા થતા રહેતા હતા. નિર્મળાબેન ખ્યાતિની રસોઈમાં કંઈ કંઈ ખામીઓ કાઢતા રહેતાં. જેથી તેમનો પુત્ર સુનીલ પણ ખ્યાતિની રસોઈ વખોડતો રહેતો. ખ્યાતિએ માન્યું કે તેને રસોઈ બનાવતાં આવડતું નથી અને ગમતું નથી. અંતે સમાધાન એ રીતે લાવ્યા



કે નિર્મળાબેન ફકત રસોઈ કરે અને ખ્યાતિ રસોઈ સિવાયનાં તમામ કામ સંભાળી લે. આ વાતને 11 વર્ષ વીતી ગયાં બાદ 2023માં સોશ્યલ મીડિયા પર ‘નિર્મળ રસોઈ’ના નામે સાસુ વહુની રીલ જોઈ, ખૂબ સારું લાગ્યું, જેથી તેમને ફોન કર્યો તો જાણ થઈ કે કોવિડમાં નિર્મળાબેનના પુત્ર સુનીલનું અવસાન થતાં અચાનક ઘરની ત્રણ મહિલાઓ નિરાધાર થઈ ગઈઃ નિર્મળાબેન, ખ્યાતિ અને સુનીલની પુત્રી સંખ્યા. નિર્મળાબેને ઝડપથી નિર્ણય લીધો અને ‘નિર્મળ રસોઈ’ ના નામે ટિફિન તથા નાસ્તા સેવા શરૂ કરી, ખ્યાતિએ ઓર્ડર, પેકેજીંગ જવાબદારી લઈ લીધી અને દીકરી સંખ્યાએ સોશ્યલ મીડિયાની.

અહીં શું નિર્મળાબેન સશક્ત મહિલા નથી? છે જ અને તેમનાથી પ્રેરિત થઈ ખ્યાતિ અને સંખ્યા પણ એ જ દિશામાં આગળ વધી રહ્યાં છે.

સાચું સશક્તિકરણ ત્યારે જન્મે છે જ્યારે સ્ત્રી પોતાની સરહદોને સમજતા શીખે છે, ‘ના’ કહેવાની હિંમત મેળવે છે, પોતાની ભૂલો સ્વીકારી શકે છે, સતત શીખતી રહે છે અને જીવનમાં આવતાં પરિવર્તનને સ્વીકારવાની તૈયારી રાખે છે. પોતાના આરોગ્યને પણ એટલું જ મહત્ત્વ આપે છે જેટલું પરિવારને આપે છે. પોતાની દીકરી-વહુને આત્મવિશ્વાસ અને દીકરાને સ્ત્રીનું સન્માન - બંને શીખવે છે. કારણ કે સશક્ત માતા માત્ર એક સફળ પરિવાર જ નહીં પરંતુ એક સંસ્કારી સમાજનું નિર્માણ કરે છે.

અહીં નિર્મળાબેને પણ પરિવર્તનને સ્વીકારી, પોતાની વહુ પ્રત્યેની લાગણીઓને સમજી, ભૂતકાળની ભૂલોની માફી માંગી, જીવનમાં આગળ વધવા માટે તેનો સહયોગ માંગ્યો અને સ્વયં નવું નવું શીખતાં રહે છે અને વહુ તથા પૌત્રીને હિંમતથી આગળ વધારતાં રહે છે.

### કેસ-2 (2025)

માનવ અને માનસી બંને ડૉક્ટર છે, બંનેના 10 વર્ષ પહેલાં પ્રેમ લગ્ન થયા હતા. બંનેની પ્રેક્ટિસ ધૂમ ચાલતી હતી પરંતુ તે દરમ્યાન માનવ નર્સ સાથે અફેર કરતો ઝડપાઈ ગયો. માનસી બંને બાળકોને લઈ પિયર જતી રહી પરંતુ જૂના પેશન્ટસના આગ્રહભર્યા ફોનને લીધે તે માનવ પાસે પરત ફરી. પછી તો, માનવ વારંવાર નર્સ સાથે પકડાતો રહ્યો અને માનસીએ તેનો સ્વીકાર કરી લીધો. માનવ, તેને અને તેનાં સંતાનોને પૂરતો પ્રેમ અને આર્થિક સુવિધાઓ આપતો હોય, માનસી એટલામાં જ સંતુષ્ટ રહેવા લાગી. આદતથી મજબૂર માનવ ધીમે ધીમે મિત્રો અને પરિવારની મહિલાઓ સાથે પણ ફ્લર્ટિંગ વધારતો રહ્યો. સૌ જોનારને નવાઈ લાગવા માંડી કે માનસી સ્વયં ડૉક્ટર હોવા છતાં માનવની આછકલાઈ સામે અવાજ કેમ નથી ઉઠાવતી? માનસી આટલી ભણેલીગણેલી, સારું કમાતી હોવા છતાં પોતાના આત્મસન્માન માટે કેમ લડત નથી આપતી? પછી તો માનવે પોતાની સાળીની 20 વર્ષીય દીકરીને પણ ફસાવી અને પરિવારમાં ખળભળાટ શરૂ થઈ ગયો. પરિસ્થિતિ બેકાબૂ થઈ જતાં માનસી માનવને બચાવવા પરિવાર (પિયર) સામે દયાની ભીખ માંગવા ગઈ.

વાચકમિત્રો! મારો તમને અહીં પ્રશ્ન છે કે સમાજ-મિત્રમંડળ-પરિવારજનો તો બધું જાણવા છતાં ધનાઢ્ય માનવ સાથે સંબંધ સાચવી લેતાં હતાં પરંતુ માનસીએ શું કામ માનવની વિકૃતિઓનો સ્વીકાર કરી તેનાં દુષ્કૃત્યોમાં મૌન સહકાર આપ્યો? તે તો શિક્ષિત હતી, આર્થિક રીતે પગભર હતી, છતાં કેમ કોઈ પગલાં ન લીધાં? પોતાનું સન્માન અને સ્વમાન પણ બાજુ પર કેમ મૂકી દીધાં? શું આ શિક્ષિત સ્ત્રીને તમે સશક્ત મહિલા કહી શકો?! કરુણતા એ છે કે, સમાજ પણ ફક્ત આટલા ક્રાયટેરિયા જોઈને આવી મહિલાઓનું જાહેર સન્માન યોજી, સમાજમાં ખોટા આદર્શ રજૂ કરે છે, સમાજમાં સાચું જોવાની દ્રષ્ટિ અને હિંમતની કમી છે. જો સમાજે આગળ આવીને માનસી અને તેના પરિવારને સાચા માર્ગ પર ટકી રહેવા માટે ટેકો જાહેર કર્યો હોત તો શું માનસીએ પહેલી જ વારમાં યોગ્ય પગલાં લીધાં હોત?

**આપણે એક બીજી ભૂલ કરીએ છીએ, દીકરીઓને શિક્ષિત તો કરીએ છીએ પરંતુ ભાવનાત્મક રીતે મજબૂત બનાવવાનું ભૂલી જઈએ છીએ. કારકિર્દી શીખવીએ છીએ પરંતુ સંવાદ નથી શીખવતાં. સફળતા શીખવીએ છીએ પરંતુ સંબંધો જીવવાની કળા નથી શીખવતાં. પરિણામે ભૌતિક પ્રગતિ વધી છે પરંતુ માનસિક શાંતિ ઘટી છે. આજે સમાજને એવી મહિલાઓની જરૂર છે, જે માત્ર સફળ નહીં પરંતુ સંવેદનશીલ હોય; માત્ર સ્વતંત્ર નહીં પરંતુ જવાબદાર હોય; માત્ર આત્મનિર્ભર નહીં પરંતુ આત્મજાગૃત હોય કારણ કે પૈસા જીવનને સરળ બનાવી શકે છે પરંતુ માત્ર સંસ્કાર, સંવેદના, વિવેક અને ચારિત્ર્ય જ જીવનને અર્થપૂર્ણ બનાવી શકે છે.**

ચાલો, મહિલા સશક્તિકરણની વ્યાખ્યાને ફરીથી લખીએઃ **કમાણી તેની શરૂઆત હોઈ શકે પરંતુ તેનું અંતિમ લક્ષ્ય નહીં. સાચું સશક્તિકરણ ત્યારે છે જ્યારે એક સ્ત્રી પોતાના મનની માલિક બને, પોતાનાં મૂલ્યો પર અડગ રહે, પોતાના સંબંધોને સમૃદ્ધ બનાવે અને પોતાના વ્યક્તિત્વના પ્રકાશથી બીજાં જીવનને પણ ઉજાસ આપે. એવી જ સ્ત્રીઓ પરિવારનું ભવિષ્ય ઘડે છે, સમાજનું ચારિત્ર્ય રચે છે અને રાષ્ટ્રના વિકાસને સાચી દિશા આપે છે.**

**પરંતુ મહિલા સશક્તિકરણની આખી જવાબદારી માત્ર સ્ત્રીના ખભા પર મૂકવાની ભૂલ ન કરીએ કારણ કે સ્ત્રી સશક્તિકરણ માત્ર મહિલાઓનો પ્રોજેક્ટ નથી; તે સમગ્ર સમાજની જવાબદારી છે.** આપણે દીકરાઓને પણ એટલા જ સંવેદનશીલ, સ્ત્રીસન્માન, સહભાગિતા અને સમાનતાનાં મૂલ્યો શીખવીએ જેથી સ્ત્રી સશક્તિકરણ કોઈ આંદોલન નહીં પરંતુ સમાજની સ્વાભાવિક સંસ્કૃતિ બની જાય, તો જ એક સશક્ત સ્ત્રી માત્ર પોતાનું જીવન નહીં બદલે; પરિવારને ઘડશે, પેઢીઓને દિશા આપશે અને સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશે.

Instagram@gita.shroff